જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૧/૧૪ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૩૫/૧૪

**ક્રાઇમબ્રાન્ચ :-**

અમદાવાદશહેર પોલીસ કમિશ્નરશ્રીએ અમદાવાદશહેર વિસ્તારમાં બનેલા ચોરી લુટફાટ ખુનના અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ આપેલ સુચના અનુસંધાને ક્રાઇમબ્રાન્ચના જેસીપીશ્રી એ.કે.શર્માસાહેબ, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.સી.સોલંકી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે.એન.પટેલ નાઓ અમદાવાદશહેર નાઓએ અમદાવાદશહેરના વણશોધાયેલ ચોરી લુટફાટ ખુનના અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી બી.પી.રોજીયા તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદશહેર વિસ્તારમા પેટ્રોલીગમા હતા.તે દરમ્યાન સાથેના પોકો દિપકકુમાર જીવરાજભાઇ નાઓને મળેલ બાતમી આધારે દાણીલીમડા ચાર રસ્તા ઉપરથી આરોપી મહમદખાન S/O જુમ્માખાન જીવણખાન જાતે બ્લોચ ઉવ.૩૦ રહે.નારણદાસની ચાલી કેલીકો મીલ પાસે જાપા નં-૬ પાસે બહેરામપુરા દાણીલીમડા અમદાવાદશહેર નાને સીએનજી ઓટોરીક્ષા નંબર GJ-1-BZ-2104 જેની કિ.રૂા.૬૫,૦૦૦/- ની સાથે પકડી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ.

તેમજ સીએનજી ઓટોરીક્ષા બાબતે પુછતા જણાવેલ કે ગઇ તા.૩૦.૧૨.૨૦૧૩ નારોજ પોતે સાંજના પાંચેક વાગે વીડીલાલ હોસ્પીટલ ખાતે આરએમઓ ક્વાટર્સ આગળ એક સીએનજી ઓટોરીક્ષા પાર્ક કરેલ હોય જે ઓટોરીક્ષાનુ ડુબ્લીકેટ ચાવી વડે તાળુ ખોલી ચોરી કરેલાનુ કબુલતા આરોપી તથા મુદામાલ વધુ તપાસ માટે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન સોપવામા આવેલ છે.

**વટવા પો.સ્ટે. :-** **(૧)**

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ .ગુ.ર.નં.૧૮/૨૦૧૩ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના કામે આરોપી અરવિંદ ઉર્ફે લાલો ભુપતસિંહ ઝાલા રહે,નવા ઘોડાસર જગદીશ સોસાયટી પાસે ઘર વિહોણા પ્લોટ વટવા અ'વાદનાને અત્રેના પોલીસ સ્ટેશનના પો.સ.ઇ.શ્રી જે.એન. ગૌસ્વામી નાઓએ તા.૩/૧/૧૪ કલાક .૨૧/૦૦ વાગે પકડી અટક કરી સદર ગુનાના મુદ્દામાલ વિશે પુછપરછ ચાલુ કરેલ છે. જે અંગે વધુ તપાસ ચાલુમાં છે.

**<u>વટવા પો.સ્ટે. :-</u>**

**(૨)**

વટવા પોલીસ સ્ટેશન સ્ટેશન જાણવા જોગ નંબર ૪/૨૦૧૪ સ્ટે.ડા. એન્ટ્રી નંબર ૧૧/૨૦૧૪ તા.૩.૧.૨૦૧૪ ના કલાક ૮/૩૫ વાગ્યાના કામે હકીકત એવી છે કે તા.૩.૧.૨૦૧૪ ના રોજ અત્રેના પોલીસ સ્ટેશનના અ.હેકોન્સ નરેન્દ્રસિંહ ખુમાનસિંહ તથા પો.કો. ઇકબાલ અબ્દુલ કરીમ બ.નં.૯૫૨૯ તથા પો.કો વનરાજસિંહ મનુભા બ.ન.૯૭૨૩ તથા અ.લોકરક્ષક અબ્દુલ લતીફ દિન મંહમદ બ.નં.૯૪૪ નાઓ મિલ્કત સંબંધી ગુનાઓ શોધવા અને અટકાવવા પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન પો.કો ઇકબાલ અબ્દુલ કરીમ બ.નં.૯૫૨૯ નાઓને કલાક ૭/૦૦ વાગે નારોલ ટી પાસે પહોચતાં મળેલ બાતમી હકીકત આધારે (૧) સીરાજ હસનઅલી શેખ ઉં.વ-૨૨ રહે,એફ.ડી.હાઇસ્કુલની પાછળ હેબતખાન મસ્જીદની સામે છાપરામાં જમાલપુર અ'વાદ શહેર (૨) ગુલામમહમંદ ગુલામવારીસ શેખ ઉં.વ-૩૩ રહે,શાહેઆલમપાર્ક મ.નં.સી/૮૧/૮૨ પટેલનું મેદાન દાણીલીમડા અ'વાદ શહેર નાઓને સી.એન.જી રીક્ષા નં જી.જે.૧.સીવી.૬૬૦ કિં.રૂ:૬૦૦૦૦/- માં સેન્ટીંગ બાંધકામના ૧૩ નંગ પતરા કિં.રૂ:૧૯૫૦/-તેમજ લોખંડના સળીયા કિં.રૂ:૫૦૦/-સેન્ટીંગ માટેની પાઇપ કિં.રૂ:૨૦૦/- ના કુલ્લે રૂ.૬૨,૬૫૦/- ના મુદ્દામાલ વિશે પુછતાં કોઇ સંતોષ કારક જવાબ ન આપતાં કોઇ જગ્યાએથી ચોરી અગર તો છલકપટથી મેળવેલ હોવાનો શક વહેમ હોય જેથી તમામ મુદ્દામાલ પંચનામા વિગતે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરી આરોપીઓને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ તા.૩.૧.૨૦૧૪ ના કલાક ૮/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે અને સદર મુદ્દામાલ અંગે આરોપીઓની પુછપરછ ચાલુ છે.

**<u>શાહપુર પો.સ્ટે.:-</u>**

સીનીયર પો.ઇન્સ.આર.જી.દેસાઇ તથા પોલીસ કર્મચારી (૧).હે.કો.પરેશકુમાર કરશનભાઇ બનં.૫૮૫૭ (૨).પો.કો.મહેશકુમાર કમલેશભાઇ બનં.૩૫૫૦ તથા (૩).એલ.આર.ડી.રાકેશભાઇ બામણીયાભાઇ બનં.૧૪૯૯ નાઓએ શાહપુર પો.સ્ટે સેકન્ડ ગુરનં.૩૧૩૧/૧૩ ધી ગુજરાત પશુ સુધારણા ૨૦૧૧ ની કલમ ૫, ૬, ૬(ખ)(૧)(૨)(૩) તથા ૮ તથા પશુ ઘાતકીપણા અધિની.કલમ ૧૧(ઇ)(એલ) B.P.M.C કલમ ૩૩૫, ૩૩૬ તથા જીપીએક્ટ કલમ ૧૧૯ મુજબના કામનો આરોપી અબ્દુલરહેમાન ઉર્ફે કલવો S/O અકબરભાઇ જાતે. બેલીમ ઉવ.૪૪ રહે.ઘનં.૪૧ ફૈજ મહમંદી મહોલ્લો અલ્લાનગર દાણીલીમડા ઢોર બજાર પાસે અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા અટકાયતી પગલા લઇ **"પાલનપુર"** જેલ ખાતે તા.૩/૧/૨૦૧૪ નારોજ મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.